R.N.I. No. : GUJGUJ/2017/74278

ગુજરાત દર્શન સમાચાર TV

સાપ્તાહિક

# ગુજરાત દર્શન યાત્રા સમાચાર

● વર્ષ : ૯ ● અંક : ૦૭ ● તા.૧૧-૦૯-૨૦૨૫ ● ગુરુવાર ● પાના નં.૪ ● કિંમત રૂા.૨

Email : gujaratdarshanyatra@gmail.com

માલિક, મુદ્રણ, તંત્રી અને પ્રકાશન : ગીરવાનસિંહ સી. સરવૈયા, સહતંત્રીઃઅબ્બાસ એસ. લક્ષ્મીધર, મેનેજિંગ તંત્રીઃ મિતરાજસિંહ જી. સરવૈયા

કાર્યાલયઃ પ્લોટ નં. ૯, સિદ્ધેશ્વર સોસાયટી, લક્ષ્મણધામ પાછળ, પેલેસ રોડ, પાલીતાણા - ૩૬૪૨૭૦, જિ. ભાવનગર મો. ૯૯૦૯૯૬૫૨૩૪

## જેસીઆઈની પાલિતાણા ખાતેની શાખા જેસીઆઈ શેત્રુંજયસિટી દ્વારા ચાલુ વર્ષે PRISM 110 જેસીઆઇ વીક ૨૦૨૫ નો આજરોજ તાઃ-૦૯/૦૯/૨૫ના ભવ્ય ઉદઘાટન સમારોહ યોજાયો

















વ્યક્તિત્વ વિકાસ માટે જાણીતી ઈન્ટરનેશનલ સંસ્થા જુનિયર ચેમ્બર ઈન્ટરનેશનલ દ્વારા દર વર્ષે વૈશ્વિક ધોરણે તારીખ ૯ સપ્ટેમ્બર થી ૧૫ સપ્ટેમ્બરના વિકને જેસીઆઈ વીક તરીકે ઉજવવામાં આવતું હોય છે. જેસીઆઈ શેત્રુંજયસીટી છેલ્લા અનેક વર્ષોથી પાલીતાણા પંથકમાં અનેક શૈક્ષણિક, સામાજિક, સેવાકીય તથા વ્યક્તિત્વ વિકાસના કાર્યો થકી ચોમેર પોતાની નામનામાં ઉત્તરોત્તર વધારો કરી રહી છે. જે અનુસંધાને ચાલુ વર્ષે જેસીઆઈ શેત્રુંજયસિટીના ઉત્સાહી અને સાહસિક પ્રમુખ જેસી અલીઅસગર લક્ષ્મીધરના નેતૃત્વમાં આ સંસ્થા નોંધપાત્ર કાર્યો કરી રહી છે. શ્રી સતુઆબાબા વિદ્યાસંકુલ ખાતે યોજાયેલ જેસીઆઈ વીકના ઉદ્ઘાટન સમારોહમાં જેસીઆઈ દ્વારા વિદ્યાર્થીઓ માટે સ્પોર્ટસ કોમ્પિટિશન ૧૦૦ મીટર દોડ તથા ગોળા ફેંકનું આયોજન કરવામાં આવેલ. સાથે સાથે જેસીઆઇના ફલેગ હોસ્ટિંગનો પણ કાર્યક્રમ રાખવામાં આવેલ. જેસીઆઈના પ્રોટોકોલ મુજબ સંપૂર્ણ કાર્યક્રમ સુચારુ રૂપે કરવામાં આવેલ. કાર્યક્રમમાં સ્પર્ધાઓમાં વિજેતા બનેલ ભાઈઓ તથા બહેનોને પ્રથમ, દ્વિતીય, તૃતીય ઇનામોથી પુરસ્કૃત કરવામાં આવેલ તેમજ જેસીઆઇ શેત્રુંજયસીટી દ્વારા સંપૂર્ણ સહકાર આપી કાર્યક્રમને સફળ બનાવવામાં મહત્વની ભૂમિકા ભજવનાર એવી સતુઆબાબા સ્કૂલને પણ મોમેન્ટોથી નવાજવામાં આવેલ. જેસીઆઇના જેસી,જેસીરેટ તથા જેજે વિંગના સભ્યો મોટી પ્રમાણમાં કાર્યક્રમમાં હાજર રહેલ તથા ભવ્ય રીતેજેસીઆઈનું ફલેગ હોસ્ટિંગ તથા ફલેગ માર્ચ પણ કરેલ. કાર્યક્રમના ચીફ ગેસ્ટ તરીકે જેસીઆઈ શેત્રુંજયસીટીના જ ઝોન વાઇસ પ્રેસિડેન્ટ જેસી નિખીલ સઠીયા, ગેસ્ટ ઓફ ઓનર તરીકે ઝોન ઓફિસર જેસી જયદીપ ચૌહાણ તથા જેસીરેટ ચેરપર્સન જેસીરેટ તસ્નીમબેન લક્ષ્મીધર પણ હાજર રહેલ. સતુઆબાબા વિદ્યાસંકુલના નિયામક શ્રી સી.કે.વંકાણી સાહેબ તેમજ માધ્યમિક સ્કૂલ તથા પ્રાથમિક સ્કૂલના આચાયશ્રીઓ શ્રી રોહિતભાઈ બારૈયા તથા શ્રી અશ્વિનભાઈ ગુજરાતીએ કાર્યક્રમમાં હાજરી આપેલ. વિદ્યાર્થીઓ દ્વારા સંપૂર્ણ કાર્યક્રમને શિસ્તબદ્ધ રીતે માણવામાં આવેલ. PRISM 110 જેસીઆઇ વીક ૨૦૨૫ ના ડાયરેક્ટર જેસી હિતેષ ડોડીયાએ સંપૂર્ણ જેસી વીકના કાર્યક્રમોની ટૂંકમાં માહિતી આપેલ. સેક્રેટરી જેસી ડો.પરાગ જોષીએ સ્કૂલ સંચાલકો,શિક્ષકગણો તથા તમામ વિદ્યાર્થી મિત્રોનો આભાર વ્યક્ત કરેલ તેમજ જેસીઆઈ શેત્રુંજય સીટી દ્વારા સંપૂર્ણ વિક દરમ્યાન ભવ્યાતિભવ્ય કાર્યક્રમો યોજાશે તેવું જણાવેલ. કાર્યક્રમનું સફળ સંચાલન રૈંઝ જેસી મિતુલ દેવલુક દ્વારા કરવામાં આવેલ.


# તંત્રી લેખ


## માનવ શરીરમાં ડુક્કરની કિડની ફીટ કરી શકાય છે! શું ડુક્કર માનવ જીવન બચાવી શકે છે ?

સદીઓથી, વૈજ્ઞાનિકોએ સ્વપ્ન જોયું છે કે બીમાર માણસની સારવાર પ્રાણીઓનાં અવયવોથી કરી શકાય છે. તાજેતરનાં વર્ષોમાં, આ સ્વપ્ન ધીમે ધીમે વાસ્તવિકતા બની ગયું છે. વૈજ્ઞાનિકોએ આનુવંશિક રીતે સંશોધિત ડુક્કરના હૃદય અને કિડનીને મનુષ્યોમાં ફીટ કરવાનું શરૂ કર્યું છે. કેટલીકવાર આ પ્રયોગો સફળ થયાં, કેટલીકવાર તેઓ સફળ થયા નથી. પરંતુ ફેફસાંનાં ટ્રાન્સપ્લાન્ટને ખૂબ જ મુશ્કેલ માનવામાં આવે છે. મનુષ્યથી માનવ ફેફસાં રિપ્લેસમેન્ટ પણ મુશ્કેલ છે અને મૃત્યુનું જોખમ વધારે છે. ચીનનાં વૈજ્ઞાનિકોએ ૨૫ ઓગસ્ટના રોજ પ્રથમ વખત ડુક્કરના ફેફસાંને બ્રેઇન-ડેડ માણસમાં ફીટ કર્યો હતો. ઓપરેશન બાદ ફેફસાને થોડું નુકસાન થયું હતું, પરંતુ અમુક અંશે તે કામ કરવાનું ચાલું રાખ્યું હતું. ૯ દિવસ બાદ બોડીએ તેને રિજેક્ટ કરી દીધો હતો. વિશ્વમાં ફેફસાંની તીવ્ર અછત છે, તેથી વૈજ્ઞાનિકો આશાવાદી છે, પરંતુ સાવચેત પણ છે. અમેરિકાની ડોક્ટર સ્ટેફની ચાંગ કહે છે, ×જો ડુક્કરના અંગ લઈ શકાય છે અને મનુષ્ય માટે આરોપણ કરી શકાય છે, તો તે એક મોટી સિદ્ધિ હશે.×

ડુક્કરમાંથી મનુષ્યમાં અંગોનું પ્રત્યારોપણ કરવાનાં પ્રયાસો:- માર્ચ ૨૦૨૫ માં, ચીનમાં, બ્રેઇન-ડેડ વ્યક્તિમાં ડુક્કરનું લીવર ફીટ કરવામાં આવ્યું હતું. તેણે ૧૦ દિવસ સારું કામ કર્યું. અમેરિકન કંપની ઈજેનેસિસ ડુક્કરના લીવર અને અન્ય અંગો પર સંશોધન કરી રહી છે. એપ્રિલ ૨૦૨૫ માં, એફડીએએ તેમને ટ્રાયલ માટે મંજૂરી આપી હતી. એક અમેરિકન માણસ જાન્યુઆરીથી પિગ કિડની સાથે જીવિત છે. તે અત્યાર સુધીનો સૌથી લાંબો સમય જીવતો દર્દી છે. ★આગળનું સ્વપ્ન :- કલ્પના કરો કે તમને કિડનીનો રોગ છે અને તમને ડાયાલિસિસની જરૂર નથી, કારણ કે તમે તરત જ ડુક્કરની કિડની ટ્રાન્સપ્લાન્ટ કરાવ શકો છો. ભવિષ્યમાં, જો ડુક્કરના અંગો સુસંગત થઈ જશે તો કદાચ દવાઓથી થતાં કેન્સર અને ચેપનું જોખમ પણ ઓછું થઈ જશે. ★જોખમો અને મુશ્કેલીઓ :- તેમ છતાં, સફર હજુ લાંબું છે. ડુક્કરના અવયવોનું ટ્રાન્સપ્લાન્ટ કરનારા લોકો માત્ર થોડા મહિના જ જીવ્યાં છે. તે જ સમયે, એવો પણ ડર છે કે ડુક્કરના વાયરસ મનુષ્યોમાં આવી શકે છે. ડુક્કરનું હૃદય મેળવનાર પ્રથમ અમેરિકન દર્દીને પણ આવો જ વાયરસ હોવાનું જાણવા મળ્યું હતું. ★નૈતિક પ્રશ્નો :- કેટલાક લોકો કહે છે કે મનુષ્ય માટે પ્રાણીઓનું ક્લોન કરવું અને તેમનાં અવયવો લેવા યોગ્ય નથી. પરંતુ બીજી બાજુ, શું તે નૈતિક છે કે જ્યારે આપણી પાસે પસંદગી હોય ત્યારે દર વર્ષે હજારો લોકો અવયવોના અભાવને કારણે મૃત્યુ પામે છે તેને બચાવી શકાય છે.

Vinayak HOSPITAL
ડૉ. એલ. આર. ચૌહાણ સાહેબ દ્વારા સંચાલીત
વિનાયક હોસ્પિટલ
ડૉ.પટેલ સાહેબ M.S.ENT
કાન, નાક અને ગળાનાં સર્જન
પાલિતાણામાં સૌપ્રથમ વખત દુરબીન (ENDOSCOPIC) થી તપાસ

ડૉ. એલ. આર. ચૌહાણ
(M.B.B.S)
કાન
કાનમાં નવા પડદા બેસાડવા માટે માઇક્રોસર્જરી તથા ઓપરેશન.
કાનના સડાનું ઓપરેશન.
કાનની બુટ્ટી વીંધાવવા.
કાનના મસાનું ઓપરેશન.
નાક
નાકનાં હાડકાનું ઓપરેશન
નાકના મસા,નાની શરદછનું ઓપરેશન
નાકનાં ફેકચનું દુરબીન વડે ઓપરેશન
નાસુરનું દુરબીન વડે ઓપરેશન
ગળા
સ્વરપેટી, મસા તથા સ્વરતંતુના સોજાનું દુરબીન વડે ઓપરેશન
ગાળાના કાકડાની સારવાર તેમજ ઓપરેશન

◆ કાન-નાક-ગળાના રોગોનું અદ્યતન સાધનો દ્વારા નિદાન, સારવાર અને ઓપરેશન,
◆ થાઈરોઈગ્રંથી, લાળગ્રંથી તથા ગળાના અન્ય ગાંઠનું ઓપરેશન.
◆ કાનમાં રસી,ફુગ આવવી, સાંભળવાની તકલીફ, સડો, મસાની તપાસ મોહુ વાકું થવું
◆ લકવાની સારવાર, સાયનસી તકલીફ.
◆ નાકમાં એલર્જી (વારંવાર છીંકો આવવી, પાણી પડવું ) તેમજ મસા, નાસુરની દુરબીન વડે સારવાર.
◆ દાંતમાં થતી રસોળીની સારવાર તથા ઓપરેશન.
◆ અવાજ બદલાઈ જવો, મોં, ગળા અને અન્નનળી (કેન્સર)નું દુરબીન વડે નિદાન.
◆ મોંમાં ચાંદા પડવા,સ્વર પેટીની તકલીફ, બોલવામાં તકલીફ, કેન્સરની તકલીફની સારવાર
Mahadev PRINTING PRESS
દર શનિવારે ૪ થી ૬ મળશે. કોલ કરી એપોઈમેન્ટ લઈને આવવું

સ્કિન સ્પેશિયાલિસ્ટ ડોકટર...
તેમજ વાળ,ચહેરો,સ્કીન,નખની સારવારના નિષ્ણાંત
હવે પાલીતાણા માં મળશે ભાવનગરનાં પ્રખ્યાત
ડો.રાહુલ લખોટીયા
M.D.(Demrmatology)
◆ ચામડીના દરેક પ્રકારના રોગોની સારવાર.
◆ એલર્જી-શીળસ, સોરાયસીસ, પુમ્ફીગ્સ, સફેદ દાગ, રકતપિત, ખસ-દરજવું, ધાધર, ખંજવાળ તથા ચામડી પરની કોઈપણ પ્રકારની ગાંઠની સારવાર.
◆ કરોળીયા, અછબડા, વાઢિયા, ગુમડા તથા બીજા કોઈપણ પ્રકારના ચેપની સારવાર.
◆ ખીલ તથા ખીલના ડાઘ-ખાડા, કાળા ડાઘ, ઝાંય દવાના રિએશનની સારવાર.
◆ વાળના રોગો જેવા કે વાળ ખરવા, ટાલ, ઉદરી, સફેદ વાળ વગેરેની સારવાર.
◆ નખને લગતા તમામ પ્રકારના રોગોની સારવાર.
◆ સ્ત્રી તથા પુરૂષના ગુપ્ત રોગોનું નિદાન, માર્ગ દર્શન અને સારવાર

દર શનિવારે ૩.૩૦ થી ૫.૩૦ મળશે.
કોલ કરી એપોઈમેન્ટ લઈને આવવું
પારસ સોસાયટી-૨, GEB ઓફીસની સામે પેલેસ રોડ, પાલિતાણા
મો.૭૮૫૯૮૨૩૩૨૧



પાલીતાણા શહેરમાં JCI શેત્રુજય પાલીતાણા દ્વારા આયોજિત "સહેલી બજાર – ૨૦૨૫" માં Aluk Herbal Care દ્વારા સ્ટોલ નં. ૩૭ માં આપના માટે હર્બલ કેર પ્રોડક્ટ્સનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું. આ આયોજન દરમિયાન અમારા કુદરતી હર્બલ સોપ તથા સ્કિન કેર પ્રોડક્ટ્સને સ્થાનિક લોકો તરફથી ખૂબ જ ઉત્સાહભર્યો પ્રતિસાદ મળ્યો. દરેક વયના મુલાકાતીઓએ અમારા પ્રોડક્ટ્સમાં ખાસ રસ દાખવીને પ્રશંસા વ્યક્ત કરી હતી.

અમારા માટે આ આયોજન ખૂબ જ સફળ અને યાદગાર સાબિત થયું છે. Aluk Herbal Care તરફથી આયોજકો તથા પાલીતાણા નાગરિકોનો સહૃદય આભાર વ્યક્ત કરવામાં આવે છે.

ન્યુઝ પેપર સસ્તા ભાવે બનાવી આપીશું
સાપ્તાહિક, દૈનિક, પાક્ષિક, માસિક ન્યુઝ પેપર સારા લેઆઉટ સાથે આકર્ષિત તૈયાર કરી આપીશું.
Mo.9428999306

# આદરણીય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી મંત્રી નિમુબેન બાંભણિયાની પહેલ : દર મહિને દરિયા કાંઠે હાથ ધરાશે સ્વચ્છતા અભિયાન, આજે જન્મદિવસથી અભિયાનનો પ્રારંભ












ભાવનગરના સાંસદ અને કેન્દ્રીય રાજય મંત્રી નિમુબેન બાંભણિયાએ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી સ્વચ્છતા અભિયાન અને પ્લાસ્ટિક મુકત અભિયાનને જન આંદોલન બનાવવા નવી પહેલ કરી છે. હવેથી દરેક મહિનાના છેલ્લા રવિવારે શહેર અને જિલ્લામાં દરિયા કાંઠે સ્વચ્છતા અભિયાન હાથ ધરવા તેમણે સંકલ્પ કર્યો છે જેમાં પાર્ટીના પદાધિકારીઓ, આગેવાનો, કાર્યકરો અને સંસ્થાઓ સાથે કેન્દ્રીય મંત્રી પણ જોડાશે. આજે તેમના જન્મદિવસના અવસરથી આ અભિયાનનો કોળિયાકના દરિયાકાંઠે સ્વચ્છતા અભિયાન હાથ ધરીને પ્રારંભ થનાર છે. દિલ્હી ખાતે માનનીય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ કોસ્ટલ બેઠકમાં ઉપસ્થિત દેશભરના સાંસદોને દરિયાકાંઠો પ્લાસ્ટિક મુકત બનાવી દરિયાઈ જીવ સૃષ્ટિનું રક્ષણ સાથે પર્યાવરણનું સંરક્ષણ કરવા સૂચન આપ્યું. આ સૂચનને વધાવી લઈ સાંસદ એવમ કેન્દ્રીય મંત્રીએ બાંભણીયાએ બીજા જ દિવસથી તેમની અમલવારી માટે આયોજન ઘડી કાઢ્યું છે. હવેથી દર મહિનાના છેલ્લા રવિવારે તેઓ દ્વારા લોક સહયોગથી દરિયાકાંઠે સ્વચ્છતા અભિયાન ચલાવાશે તેમજ આ અભિયાનને અસરકારક બનાવવા જરૂરી તમામ પગલા ભરવા તેમણે કટિબદ્ધતા દર્શાવી છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દેશમાં સ્વચ્છતા માટે ખૂબ આગ્રહી છે ત્યારે તેમના વિચારને મૂર્તિમંત્ર કરવા નિમુબેન બાંભણિયાએ આજે તેમના પોતાના જન્મદિવસના અવસરથી જ આ અભિયાનને હાથ ધર્યું છે અને ઉજવણી સાર્થક તથા કરી છે, આજે સાંજે કોળિયાક બીચ પર જિલ્લા પંચાયતના સદસ્ય, સરપંચ સહિતના પદાધિકારીઓ, આગેવાનો અને કાર્યકરો તેમજ ગ્રામજનો સાથે મળી સ્વચ્છતા અભિયાન ચલાવશે. આવતા મહિને દર છેલ્લા રવિવારે સવારે ૭થી ૧૦ વાગ્યા સુધી આ અભિયાન જુદા જુદા બીચ પર હાથ ધરાશે તેમજ જુદા જુદા બીચ વચ્ચે સ્વચ્છતા સ્પર્ધા પણ યોજવામાં આવશે.

શું ઘર બનાવી રહયા છો ?
તો આજે જ અમારી મુલાકાત લો.
તમામ જરૂરીયાત એક જ સ્થળે
સીમેન્ટ - લોખંડ - કલર - સેનેટરીવેર
ઇલેક્ટ્રીક ફીટીંગ તમામ એક જ સ્થળે
Taj Sanitary
Total Building Solution
સીમેન્ટ : UltraTech Cement
કલર : Berger
સ્ટીલ : TATA TISCON, Nilkanth Steel, Kamdhenu Steel
ઈલેક્ટ્રીક - સીમેન્ટ પતરા - સેનેટરીવેર : HAVELLS, Ramco, CERA
- અલ્ટ્રાટેક સિમેન્ટ
- નીલકંઠ ટી.એમ.ટી. સરીયા
- ટાટા ટીસ્કોન ટી.એમ.ટી. સરીયા
- કામધેનુ ટી.એમ.ટી.સરીયા
- બિરલા પુટ્ટી,વ્હાઈટ સિમેન્ટ
- બર્જર કલર
- સેનેટરી વેર
- બાથ ફીટીંગ
- એસ્ટ્રલ પીવીસી પાઈપ ફીટીંગ
- હેવલ્સ લાઈટ ફીટીંગ
તાજ સેનેટરી
દીપક ટ્રાન્સપોર્ટની બાજુંમાં, ભૈરવપરા,પાલીતાણા.
MO. 9904426252
સોનગઢ રોડ, હોટલ નંદનીની પાસે,પાલીતાણા.
Mo. 99044 26252 - 88667 26252

# પાળિયાદ મહાજન પાંજરાપોળ અને ગૌશાળા ટ્રસ્ટને ૧ લાખનું અનુદાન





અહેવાલ કનુભાઈ ખાચર : પાળિયાદ મહાજન પાંજરાપોળ અને ગૌશાળા ટ્રસ્ટ નાં અબોલ પશુઓની સેવા માટે અવાર નવાર પાળિયાદ મહાજન પાંજરાપોળ ની મુલાકાત લેતા એવા વતન પ્રેમી સ્વ.ગુણવંતભાઈ.છોટાલાલ શાહ ગુજરાત સમાચાર ના કટાર લેખક નાં સુપુત્ર શ્રી આશ્લેષભાઈએ તે સહયોગ જાળવી રાખી કમ્પાઉન્ડ વોલ તથા સોલાર સિસ્ટમ જેવી સુવિધાઓ માટે યોગદાન અર્પણ કરેલ તેમના તરફથી આજરોજ ?૧,૦૦,૦૦૦ (એક લાખ) અબોલ પશુઓ નાં ઘાસચારા માટે મળેલ છે. શ્રી પાળિયાદ મહાજન પાંજરાપોળ અને ગૌશાળા ટ્રસ્ટના ટ્રસ્ટ નાં ટ્રસ્ટીઓ તેમજ સેવાભાવી ટીમ જીવદયા પ્રેમી શ્રી આશ્લેષભાઈ નો ખુબ ખુબ આભાર વ્યક્ત કરી જીવદયા નાં સુકૃત કાર્યની ખૂબ ખૂબ અનુમોદના વ્યક્ત કરે છે.

# શ્રી સોનલ સેના ના મેમ્બર તરીકે શ્રી ચંદ્રિકાબેન દવેની ની વરણી કરાઈ



શ્રી સોનલ સેના ગુજરાત  દ્વારા પાલીતાણા ના ચંદ્રિકાબેન મનસુખભાઈ દવેની મેમ્બર તરીકે સ્થાન આપી સંગઠનને મજબૂત કરવા માટે લીધેલા નિર્ણયની ઠેર ઠેર પ્રશંસા થઈ રહી છે. શ્રી સોનલ સેના ગુજરાત  દ્વારા પાલીતાણા ના ચંદ્રિકાબેન મનસુખભાઈ દવેની મેમ્બર તરીકે સ્થાન આપી તેમની નિસ્વાર્થ ભાવની પ્રભાવકારક કામગીરીને ધ્યાને લઈ તેમને જવાબદારી સોંપવામાં આવી છે

ખુબજ નિસ્વાર્થ સેવાઓની ખુબજ દૂર દૂર સુધી લોકો દ્વારા નોંધ લેવામાં આવતી હોઈ છે એવા નર્સ તરીકે ફરજ બજાવતા ચંદ્રિકાબેન મનસુખભાઈ દવે દ્વારા કોરોનાના ખુબજ કપરા સમયમાં પોતે પોતાના પરિવાર કે પોતાની પરવા કર્યા વગરજ રાત દિવસ જોયા વગર જે કામગીરી કરવા મા આવેલી હતી અને આ નિસ્વાર્થ કામગીરી દ્વારા અનેક લોકોને ઉપયોગી થયા હતા ન કોઈ પ્રસિદ્ધિ કે નહીં કોઈ જાહેરાત બસ લોકોની સેવામાટે રાત દિવસ એક કરી લોકોની મુશ્કેલી દૂર કરવા માટે ના ખુબજ અથાગ પ્રયાસો તેમના દ્વારા કરવામાં આવ્યા હતા.ચંદ્રિકાબેન મનસુખભાઈ દવે ની આ નિસ્વાર્થ સેવા કાર્યો ની સેવાઓ સમાજને રાહ ચીંધતુ ખુબજ ઉત્તમ ઉદાહરણ પણ છે. ચંદ્રિકાબેન મનસુખભાઈ દવે કે જેઓ ને શ્રી સોનલ સેના ગુજરાત તરફથી જે જવાબદારી સોંપવામાં આવી છે જે સપનાઓ સંગઠન ના છે જે સાકાર કરવા માટે આપની મેહનત અને અથાગ પરિશ્રમની સફળતાને ખૂબ ખૂબ ઉતારો ઉતાર પ્રગતી ઓના સોપાનો સર કરો એવી શુભેચ્છાઓ ચંદ્રિકાબેન દવે ની શ્રી સોનલ સેના ગુજરાત મેમ્બર નિમણુંક આપવા બદલ શ્રી સોનલ સેના ગુજરાત નો પણ આતકે તેઓએ ખુબખુબ આભાર પણ તેઓ દ્વારા માનવામાં આવ્યો હતો.

# સેવન્થ ડે શાળામાં હુમલા બદલ ત્રણ યુવાનો સામે થયેલી ફરિયાદમાં ચાર્જશીટ નહિ કરવા હાઈકોર્ટનો આદેશ : હાઈકોર્ટે સ્કુલની ટીકા કરી

અમદાવાદ

સેવન્થ ડે એડવેન્ટિસ્ટ સ્કૂલમાં એક ૧૩ વર્ષના બાળકની બીજા સહાધ્યાયીના હાથે હત્યા અને ત્યારબાદ થયેલા વિરોધ પ્રદર્શનોનો મુદ્દો ગુજરાત હાઈકોર્ટમાં ઉઠ્યો હતો. સ્કુલ દ્વારા દાખલ કરાયેલી ફરિયાદ રદ કરવા માટે ત્રણ યુવાનોની સામે ચાર્જશીટ દાખલ કરવા સામે મનાઇ હુકમ ફરમાવતો આદેશ કરતા જસ્ટીસ નિર્ઝર દેસે મૌખિક રીતે ટિપ્પણી કરી હતી કે, શાળા મેનેજમેન્ટ શાળામાં તોડફોડ કરનારા ટોળા સામે FIR દાખલ કરવામાં એટલું સતર્ક હતું જ્યારે બાળકોની સુરક્ષા જાળવવામાં તે બિલકુલ બેદરકારી દાખવી હતી. કોર્ટે વધુમાં કહ્યું હતું કે, “તે છોકરો ફક્ત ૧૩ વર્ષનો હતો. મીડિયા રિપોર્ટ મુજબ શાળા મેનેજમેન્ટ દ્વારા પાણીનો ગ્લાસ પણ આપવામાં આવ્યો ન હતો, ચોકીદાર માણસની જેમ નહિ પણ મુર્તીની જેમ ઉભો રહ્યો હતો.”

આ દરમિયાન, હાઈકોર્ટે એબીવીપીના ત્રણ યુવાનોને રાહત આપી હતી જેમને શાળા દ્વારા હોબાળો મચાવવા અને તેની મિલકતને નુકસાન પહોંચાડવા બદલ આરોપી તરીકે રજૂ કરવામાં આવ્યા હતા. પોલીસે ૫૦૦ લોકોના ટોળા સામે FIR દાખલ કરી છે અને ત્રણ યુવાનોને આરોપી તરીકે રજૂ કરવામાં આવ્યા છે અને તેમણે એડવોકેટ દ્વારા તેમની સામે FIR રદ કરવા માટે અરજીઓ દાખલ કરી હતી. ન્યાયમૂર્તિ દેસાઈએ પોલીસને આદેશ આપ્યો હતો કે કોઈ પણ બળજબરીભર્યા પગલાં ન લેવા અને ત્રણ છોકરાઓ સામે ચાર્જશીટ દાખલ ન કરવા. આમ કોર્ટે ત્રણેય વ્યક્તિઓને રાહત આપી. જોકે, શાળા મેનેજમેન્ટ વિરુદ્ધ ટિપ્પણી કરી. ન્યાયાધીશે મૌખિક રીતે કહ્યું કે, “બાળકોની સલામતીનું શું? શાળા મેનેજમેન્ટ આ વ્યક્તિઓ સામે FIR દાખલ કરવામાં આટલું સતર્ક છે. શું તમે જોયું છે કે .... શાળા બાળકોની સુરક્ષા જાળવવામાં બિલકુલ બેદરકાર હતી. જ્યારે કોઈના કારણે કોઈનું મૃત્યુ થાય છે... તે છોકરો ફક્ત ૧૩ વર્ષનો હતો. મીડિયા રિપોર્ટમાં મુજબ શાળા મેનેજમેન્ટ દ્વારા પાણીનો ગ્લાસ પણ આપવામાં આવ્યો ન હતો, ચોકીદાર ફક્ત એ રીતે ઊભો હતો કે જાણે તેઓ મૂર્તિઓ હોય, માણસો નહીં.”

અગાઉ, એડવોકેટે રજૂઆત કરી હતી કે લગભગ ૨૦ વર્ષના આરોપી યુવાનો અને વિદ્યાર્થી સંગઠન સાથે સંકળાયેલા છે અને ૧૩ વર્ષની વયના શાળાના એક યુવાન વિદ્યાર્થીના મૃત્યુ સામે હિંસક વિરોધ કરવાનો આરોપ છે, જેના કારણે શાળાની મિલકતને નુકસાન થયું હતું. પોલીસની FIR મુજબ, પોતે જ દર્શાવે છે કે લગભગ ૫૦૦ વ્યક્તિઓનું ટોળું અને તેથી જે કૃત્ય અન્ય લોકો માટે જવાબદાર હોઈ શકે છે તે હાલના અરજદારોને જવાબદાર ઠેરવી શકાય નહીં. વધુમાં રજૂઆત કરવામાં આવી હતી કે, તેમને ફક્ત એટલા માટે આરોપી તરીકે ખોટી રીતે રજૂ કરવામાં આવ્યા હતા કારણ કે તેઓ વિદ્યાર્થી સંગઠન સાથે સંકળાયેલા હોવાનો આરોપ છે. તેમની ઉંમરને ધ્યાનમાં લેતા અને શાળા દ્વારા ઘટનાને જે રીતે હાથ ધરવામાં આવી હતી તે હકીકતને ધ્યાનમાં લેતા, જાહેર જનતા દ્વારા શાળાના સંચાલન સામે સ્વયંભૂ ગુસ્સો. તેથી શાળાને કોઈપણ નુકસાન થાય તો હાજર અરજદારો જવાબદાર ન હોઈ શકે. સેવન્થ ડે સ્કુલની અરજીઓ હાઈકોર્ટે ફગાવી ગુજરાત હાઈકોર્ટની બેન્ચે મંગળવારે શહેર જિલ્લા શિક્ષણ કાર્યાલય (DEO) દ્વારા જારી કરાયેલ કારણદર્શક નોટિસને પડકારતી સેવન્થ ડે એડવેન્ટિસ્ટ સ્કૂલ દ્વારા દાખલ કરાયેલી અરજીને ફગાવી દીધી હતી. હાઈકોર્ટે શાળાને સરકાર દ્વારા કરવામાં આવેલી તપાસમાં સહકાર આપવાનો નિર્દેશ આપ્યો હતો. ધોરણ ૧૦ ના વિદ્યાર્થીને તેના જુનિયર દ્વારા છરીના ઘા મારીને જીવલેણ ઘા કરવામાં આવ્યાની ઘટના બાદ ઙ્ઘઈ એ આ નોટિસ જારી કરી હતી. તાજેતરમાં, DEO એ સેવન્થ ડે એડવેન્ટિસ્ટને કારણદર્શક નોટિસ જારી કરી હતી, જેમાં ૧૬ દસ્તાવેજો માંગવામાં આવ્યા હતા, જેમાં ૧ થી ૧૨ ના વર્ગો ચલાવવાની પરવાનગી, ICSE જોડાણ પ્રમાણપત્રની નકલ, અન્ય દસ્તાવેજોનો સમાવેશ થાય છે. તેણે શાળા માટે ગુજરાત સરકારનું ર્ઙ્ઞ, શાળાના મકાનના નકશાની મંજૂરી, શાળાના ટ્રસ્ટ ડીડ, ફાયર NOC, શાળા પરિસરમાં કાર્યરત સંસ્થાઓ અને કોલેજોનું નામ, તેના શિક્ષકોની લાયકાત અને મકાન ઉપયોગ પરવાનગી વગેરે પણ માંગ્યા હતા.

DEO રોહિત ચૌધરીએ શાળાને ચેતવણી આપી હતી કે જો તે સમયમર્યાદાનું પાલન કરવામાં નિષ્ફળ જશે તો કડક કાર્યવાહી કરવામાં આવશે. ભૂતકાળની એક ઘટનાને લઈને ૮મા ધોરણના વિદ્યાર્થીએ ૧૦મા ધોરણના વિદ્યાર્થીને છરીના ઘા મારીને હત્યા કરી દીધી હતી, જેના કારણે શાળા સમાચારમાં છવાઈ ગઈ હતી. ગંભીર રીતે ઘાયલ થયેલા છોકરાને શાળાના સુરક્ષા ગાર્ડે જોયો હતો અને તેને સારવાર માટે તાત્કાલિક હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો, જ્યાં તેનું મોત નીપજ્યું હતું. આ ઘટનાને કારણે ભારે વિરોધ થયો હતો અને શાળાની કથિત બેદરકારી બદલ ટીકા કરવામાં આવી હતી.

**Editor/Printer/Owned and Published by: GIRVANSINH C. SARVAIYA and Printed at PATEL OFFSET, 115, ROYAL COMPLEX, HAZUR PAYAGA ROAD,**
NR. HIGH COURT ROAD, BHAVNAGAR and Published at: SHOP NO. 38, SARDAR SHOPING CENTER, S.T. ROAD, PALITANA, DIST. BHAVNAGAR. TC.: GUJGUJ16752, Editor: GIRVANSINH C. SARVAIYA.